અગ્રતા ક્રમ: ૧૫

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન :- ૧૫/૪/૨૪૬૪

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ: ૨૭.૦૨.૨૦૨૪ (બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક:- ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:-

શ્રી અમિત ચાવડા (આંકલાવ)

## અગ્રતા ક્રમ-૧૫

**ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: 15/04/2464**

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત**

**માન.ધારાસભ્યશ્રી અમિત ચાવડા (આંકલાવ)**

**અનુક્રમણિકા**

| ક્રમ | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને પુછે પ્રશ્ન | |
| | વિભાગે આપેલ જવાબ | પેટાપ્રશ્ન પુછનાર |
| | પ્રશ્નનું હાર્દ | ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન ૧ | ગણોતધારા કલમ-૮૪ અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) |
| પેટા પ્રશ્ન ૨ | ગણોતધારા કલમ-૬૩ એડી અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) |
| પેટા પ્રશ્ન ૩ | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા કેટલી છે? | શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) |
| પેટા પ્રશ્ન ૪ | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સંભંવિત બિનખેડૂત હોવાની તપાસના કેસો પૈકી કુલ કેટલા કેસોાં નામ. હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટ દ્વારા મનાઇ / સ્ટે આપવામાં આવેલ છે? | શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) |
| પેટા પ્રશ્ન ૫ | ગુજરાત રાજયમાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનતા અટકાવવા માટે સરકારશ્રી દ્વારા શા પગલાં લેવામાં આવે છે? | શ્રીમતી રીટાબેન પટેલ ( ગાંધીનગર ઉત્તર ) |

## વિધાનસભાએ વિભાગને પુછે પ્રશ્નઃ

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત**

***15/4/2464 : શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-:**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે, | ૧ | (see table below) |
| (૨) ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સઓ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને | ૨ | (see table below) |
| (૩) આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધા? | ૩ | પડતર કેસો પૈકી કુલ-૦૪ કેસોમાં નામ.હાઇકોર્ટ કે સુપ્રિમકોર્ટમાં મનાઇ હુકમ થયેલ છે તથા અન્ય પડતર કેસોમાં પક્ષકારોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવા સારૂ નોટીસથી બજવણી કરી સુનાવણીની પ્રક્રીયા હાલમાં ચાલુમાં છે. |

૧

| જિલ્લો | પડતર કેસોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૯૪ |
| અમદાવાદ | ૨૦૧ |

૨

| જિલ્લો | એકથી બે વર્ષ સુધીના પડતર કેસો | બે વર્ષ કે તેથી વધુ સમયથી પડતર કેસો | એક વર્ષ કે તેથી ઓછા સમયથી પડતર કેસો | કુલ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૧૯ | ૩૦ | ૪૫ | ૯૪ |
| અમદાવાદ | ૩૭ | ૪૧ | ૧૨૩ | ૨૦૧ |

મુખ્ય પેજ ઉપર જાઓ

## વિભાગે આપેલ જવાબ:

### ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત

***15/4/2464 : શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે, | (૧) | (નીચે કોષ્ટક મુજબ) |

| જિલ્લો | પડતર કેસોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૯૪ |
| અમદાવાદ | ૨૦૧ |

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૨) | ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સઓ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને | (૨) | (નીચે કોષ્ટક મુજબ) |

| જિલ્લો | એકથી બે વર્ષ સુધીના પડતર કેસો | બે વર્ષ કે તેથી વધુ સમયથી પડતર કેસો |
|---|---|---|
| ગાંધીનગર | ૧૯ | ૩૦ |
| અમદાવાદ | ૩૭ | ૪૧ |

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૩) | આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધા? | (૩) | પડતર કેસો પૈકી કુલ-૦૪ કેસોમાં નામ.હાઇકોર્ટ કે સુપ્રિમકોર્ટમાં મનાઇ હુકમ થયેલ છે તથા અન્ય પડતર કેસોમાં પક્ષકારોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવા સારૂ નોટીસથી બજવણી કરી સુનાવણીની પ્રક્રીયા હાલમાં ચાલુમાં છે. |

---

ઓનલાઈન જવાબ મોકલવાની છેલ્લી તારીખ: ૨૧/૦૨/૨૦૨૪

ક્રમાંક:વસપ/ગણત/૧૧૨૦૨૪તા.પ્ર.૦૪/ઝ
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર તરફ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/1902 અન્વયે.

(એચ.સી.પટેલ)
સંયુક્ત સચિવ (જ.સુ)
મહેસૂલ વિભાગ

<u>નકલ રવાના:</u>

- સેક્શન અધિકારી, બ-૧ શાખા, મહેસૂલ વિભાગ, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

મુખ્ય પેજ ઉપર જાઓ

પ્રશ્નનું હાર્દ:-

- ગુજરાત રાજ્યમાં માત્ર ગુજરાત મુળના ખેડૂતને ખેતીની જમીન ખરીદી શકે છે.
- રાજયમાં મુળ ગુજરાત ના જ મુળના ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે આવા ખેડૂતો જ જમીન ખરીદી શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે.
- મુળના ખેડૂત હોવાના ખોટા પુરાવા રજૂ કરી કોઇ બિનખેડૂત વ્યક્તિ જો ખેતીની જમીન ખરીદે તો રાજયના ગણોત કાયદાની કલમ ૮૪ (સી) હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ આ કાર્યવાહીના અંતે આવી વ્યક્તિ બિનખેડૂત સાબિત થાય તો તેવી જમીન સરકાર હસ્તક પરત લેવામાં આવે છે.

મુખ્ય પેજ ઉપર જાઓ

<u>અગ્રતા ક્રમ-૧૫</u>

## ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) | |
|---|---|
| પ્રશ્ન – ૧ | ગણોતધારા કલમ-૮૪ અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? |
| જવાબ | જ્યારે કોઈ જમીનની તબદીલી અથવા સંપાદન ગણોતધારાની જોગવાઈઓ મુજબ ગેરકાયદેસર હોય ત્યારે મામલતદાર નોટીસ કાઢી કલમ ૮૪ (બી) માં ઠરાવેલ રીતે તપાસ કરી તેનો નિર્ણય કરે છે. જો થયેલ તબદીલી અથવા સંપાદન ગણોતધારાની જોગવાઈઓ મુજબ ગેરકાયદેસર હોય અને પક્ષકારો એવી લેખિત બાહેંધરી આપે કે મામલતદાર ઠરાવે તેવી તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેઓ જે સ્થિતિમાં જમીન આવી તબદીલી અથવા સંપાદનની તરત જ પહેલાં હતી તે સ્થિતિમાં તે પાછી આપશે તો મામલતદાર નોટીસ પાછી ખેચશે પરંતુ જો જમીન તે મુદતની અંદર તેવી રીતે પાછી આપવામાં ન આવે ત્યારે મામલતદાર કલમ ૮૪ (સી) (૩) મુજબ જમીનની આવી તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર જાહેર કરતો હુકમ કરી જમીન સરકાર હસ્તક દાખલ કરશે. |

<u>મુખ્ય પેજ ઉપર જાઓ</u>

**અગ્રતા ક્રમ-૧૫**

## ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કાળુભાઇ ડાભી ( ધંધુકા ) | |
|---|---|
| પ્રશ્ન – ૨ | ગણોતધારા કલમ-૬૩ એડી અંતર્ગત શું કાર્યવાહી કરવામાં આવે છે? |
| જવાબ | કલમ ૮૪ (સી) ની કાર્યવાહી દરમ્યાન માલુમ થાય કે ખેડૂત ન હોય તેવી વ્યક્તિ અથવા કોઇ સંસ્થાને જમીન વેચાણ કરેલ છે તો કાયદેસરનો કેસ ચલાવી સુનાવણીની તક આપ્યા પછી વેચાણ કાયદેસર છે કે કેમ? તેની ચકાસણી કરી જો વેચાણ કાયદેસર નથી તેવા નિર્ણય પર આવે ત્યારે,<br><br>(૧) જંત્રીની કિંમતની રકમનો ત્રણ ગણો દંડ કરવો,<br>અથવા<br>(૨) આવી તબદીલી પહેલા જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં ફરીથી જમીન લાવવામાં આવે છે.<br>આમ, બિનખેડૂતો ખોટી રીતે ખેડૂત બનતા અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા જોગવાઇ અમલમાં મુકી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવામાં આવે છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

**અગ્રતા ક્રમ-૧૫**

ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) | |
|---|---|
| **પ્રશ્ન – 3** | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા કેટલી છે? |
| **જવાબ** | **(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા ૪૫ છે.**<br><br>**(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એક વર્ષ કરતા ઓછા સમયથી પડતર કેસોની સંખ્યા ૧૨૩ છે.** |

મુખ્ય પેજ ઉપર જાઓ

<u>અગ્રતા ક્રમ-૧૫</u>

ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: **15/04/2464**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી જયંતિભાઇ પટેલ ( માણસા ) | |
|---|---|
| પ્રશ્ન – ૦૪ | ગાંધીનગર  અને અમદાવાદ જિલ્લામાં સંભવિત બિનખેડૂત હોવાની તપાસના કેસો પૈકી કુલ કેટલા કેસોમાં નામ.હાઇકોર્ટ કે સુપ્રિમકોર્ટ દ્વારા મનાઇ/સ્ટે આપવામાં આવેલ છે? |
| જવાબ | (૧) ગાંધીનગર જિલ્લામાં સંબવિત બિનખેડૂતની તપાસના પડતર કેસો પૈકી કુલ-૦૨ કેસોમાં સક્ષમ કોર્ટ દ્વારા મનાઇ હુકમ આપવામાં આવેલ છે.<br><br>(૨) અમદાવાદ જિલ્લામાં સંબવિત બિનખેડૂતની તપાસના પડતર કેસો પૈકી કુલ-૦૨ કેસોમાં સક્ષમ કોર્ટ દ્વારા મનાઇ હુકમ આપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

## અગ્રતા ક્રમ-૧૫

## ગુજરાત વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંક: 15/04/2464

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યઃ શ્રીમતી રીટાબેન પટેલ ( ગાંધીનગર ઉત્તર ) | |
|---|---|
| પ્રશ્ન – ૦૫ | ગુજરાત રાજ્યમાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનતા અટકાવવા માટે સરકારશ્રી દ્વારા શા પગલા લેવામાં આવે છે? |
| જવાબ | ગુજરાત રાજ્યમાં માત્ર ગુજરાતના મૂળ વતની સમગ્ર રાજ્યમાં ખેતીની જમીન ખરીદ તથા વેચાણ કરી શકે છે. બિનખેડૂત વ્યક્તિ દ્વારા ખોટા ખેડૂત ખાતેદારના પુરાવા રજુ કરી ખેતીની જમીન ખરીદ કરતા અટકાવવા માટે સરકાર દ્વારા મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ની કલમ-૬૩(એડી) હેઠળ કેસ ચલાવી પ્રવરતમાન જંત્રીદરના 300% પેનલ્ટી આપી જમીન મૂળ ખેડૂતને પરત કરવાની જોગવાઇ કરેલ છે અને  બિનખેડૂત હોવાનુ ધ્યાને આવતા જમીન મહેસૂલ કાયદા અધિનિયમની કલમ-૮૪(સી) ની નોટીસ આપી પુરાવા રજુ કરવા જણાવવામાં આવે છે, જે રજુ ન કરી શકતા શ્રીસરકાર દાખલ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ